સંદેશ, પાના નંબર - 03.
તારીખ:- 02/06/2025.





# IPL : BRTS, મેટ્રો હાઉસફૂલ, VVIP-બોલિવુડ સેલેબ્સનો સ્ટેડિયમમાં જલવો

## IPL મહામુકાબલાના પગલે સ્ટેડિયમની અંદર-બહાર ક્રિકેટપ્રેમીઓનો ક્રેઝ ચરમસીમાએ!, આરસીબીને અમદાવાદ ફળ્યું, શહેરના અનેક વિસ્તારોમાં જીતની ભવ્ય ઉજવણી કરાઈ

| અમદાવાદ |

શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાયેલી આઈપીએલની ફાઈનલ મેચમાં આરસીબીનો વિજય થતા વિરાટ કોહલીના ફેન ઝુમી ઊઠયા હતા. સિંધુભવન રોડ, એસજી હાઈવે, સીજી રોડ સહિતના વિસ્તારોમાં વિરાટના ફેન્સનો જમાવડો જોવા મળ્યો હતો. ફેન્સે રસ્તા વચ્ચે ડાન્સ સાથે જીતની ભવ્ય ઉજવણી કરી હતી. જ્યારે GTના ફેન્સ વિલા મોંઢે પરત ફર્યા હતા. આ ઐતિહાસિક મુકાબલાને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. અન્ય રાજ્યમાંથી આવેલા ક્રિકેટ પ્રેમીઓની સાથે સાથે બોલિવૂડ સેલેબ્સ, VVIP મહેમાનો આ મહામુકાબલાના સાક્ષી બન્યા હતા. આરસીબી ટીમના ખેલાડીઓ ફોટોગ્રાફને લોકો માથા પર અને ફેવરીટ ક્રિકેટરોના ટેટુ ફેસ પર લગાવીને સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતા. ફાઈનલ મેચને પગલે અમદાવાદની જાહેર પરિવહન સેવાઓ પર અભૂતપૂર્વ ભારણ જોવા મળ્યું હતું. મોટેરા તરફ જતા તમામ મુખ્ય રસ્તાઓ પર સર્જાયેલા ભારે ટ્રાફિક જામથી બચવા માટે હજારો ક્રિકેટપ્રેમીઓએ મેટ્રો ટ્રેન અને BRTS જનમાર્ગ સેવાનો આશરો લેતા બંને સેવાઓ સંપૂર્ણપણે હાઉસફૂલ થયેલી જોવા મળી હતી. બપોર પછી સ્ટેડિયમના ગેટ ખુલવાના હોવાથી સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટેરા તરફ જતા મેટ્રો અને BRTS સ્ટેશનો પર મુસાફરોની કિલોમીટરો લાંબી લાઈનો જોવા મળી હતી. મોડી રાત સુધી મેટ્રો સ્ટેશન પર લોકોની અવરજવર રહી હતી.

### ક્રિકેટ પ્રેમીઓએ સૌથી વધુ લાભ મેટ્રોનો લીધો

રાત્રે મેચ પૂરી થયા બાદ પણ મેટ્રોમાં ભારે ધસારો જોવા મળ્યો હતો. વહેલી સવારથી લઈને રાતના ૧૨ સુધી મેટ્રો સ્ટેશને સૌથી વધુ ભીડ ક્રિકેટ પ્રેમીઓની જોવા મળી હતી.

### સ્ટેડિયમ તરફના તમામ રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો

ફાઇનલ જંગ જોવા માટે દેશભરમાંથી હજારોની સંખ્યામાં ક્રિકેટરસિકો સ્ટેડિયમ તરફ ઉમટી પડતા મોટેરા, વિસત ટી-પોઇન્ટ અને સાબરમતીથી સ્ટેડિયમ જતા તમામ મુખ્ય રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે.

### ચાર્ટર્ડ પ્લેનમાં VVIPઓ એરપોર્ટ પહોંચ્યા

IPL ફાઈનલ મેચ જોવા ચાર્ટર્ડ પ્લેનમાં VVIPઓ અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. વહેલી સવારથી જ ગુજસેલમાં ચાર્ટર્ડ પ્લેનનો જમાવડો જોવા મળ્યો હતો.

### સ્ટેડિયમની અંદર-બહાર લાલ-બ્લુ જર્સીનો જલવો

બપોરથી જ ચાહકો આરસીબી માટે રેડ અને ગુજરાત ટાઈટન્સ માટે બ્લુ કલરની જર્સી પહેરીને આવ્યાં હતા. સ્ટેડિયમની અંદર અને બહાર બન્ને કલરની જર્સીનો જલવો નજરે પડતો હતો.